સુરત મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

**પ્રેસનોટ**

**સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના વિસ્તારોમાં તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તે અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં સરથાણા જળ વિતરણ મથક થી ખટોદરા જળ વિતરણ મથક થઈ અલથાણ, વેસુ, ડુમસ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકી ભરતી ૧૦૧૬ મી.મી. વ્યાસની એમ.એસ. રાઈઝીંગ લાઈનમાં અલથાણ જળવિતરણ મથક ખાતે વાલ્વ બદલવાની કામગીરી તા.૧૯/૦૨/૨૦૨૬ નાં રોજ સવારે ૦૯:૦૦ થી રાત્રીના કામગીરી પુર્ણ થાય ત્યા સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના વિવિધ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી શકાય તેમ નથી. જેના કારણે સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના જળવિતરણ મથકો ધ્વારા સીધા બુસ્ટીંગ તેમજ ઓવરહેડ ટાંકીઓ ધ્વારા અપાતો નિયમિત પાણી પુરવઠો નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. **જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત** પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૯/૦૨/૨૦૨૬ના **રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી.** |
|---|---|---|
| ૧ | સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) | **વેસુ-૧ જળ વિતરણ મથક:-** સવારનો સપ્લાય:- વેસુ-૧ જળ વિતરણ મથકથી G.D.Goenka કેનાલ રોડ સુધીનો રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઇઝ, સુર્યા હેરીટેજ, Eco Garden, ESR-7 નો ભરથાણા તથા કેનાલ રોડ વેસુ વિગેરે વિસ્તાર.<br>**વેસુ-૧ જળ વિતરણ મથક:-** બપોરનો સપ્લાય:- ઓવરહેડ ટાંકી ESR-8 ના નેટવર્કનો સુમન શૈલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કૃષ્ણધામ, દેવદર્શન, સિધ્ધી રો હાઉસ, વેસુ ગામતળ, રત્ન જયોતિ, સોહમ હાઈટસ, ગૌતમ બુદ્ધ નગર અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર.<br>**વેસુ-૨ જળ વિતરણ મથક:-** સવારનો સપ્લાય:- સુમન સાગર, હાઈ ટેક એવન્યુ, L&T બેચરલ હોસ્ટેલ, નંદીની-૩, વાસ્તુગ્રામ ચોકડી, ESR-5 અને ESR-6 નો વેસુ, રૂંઢ, મગદલ્લાનો અને તેની આજુબાજુનો વિસ્તાર.<br>**વેસુ-૨ જળ વિતરણ મથક:-** સાંજનો સપ્લાય:- ઓવરહેડ ટાંકી ESR-6A ના નેટવર્કના શ્યામ પેલેસ, શૃંગાર રેસીડેન્સી, નંદની-૧, ૨, નંદનવન-૩, સંગાથ રેસીડેન્સી, સ્ટાર ગેલેક્ષી, એલ એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફેઇઝ-૨, ફ્રેઈનીક્ષા, ફલોરન્સ, ફ્રિસ્ટલ પેલેસની આજુબાજુનો વિસ્તાર.<br>**ડુમસ જળ વિતરણ મથક :-** સવારનો સપ્લાય:- ઓવરહેડ ટાંકી ESR-15 ના નેટવર્કનો ગવીયર, ડુમસ, કાદી ફળીયા, સુલતાનાબાદ, ભીમપોર ગામ તળ વિસ્તાર તથા સેટેલાઈટ બંગલો, અવધ ઉટોપીયા, એરપોર્ટ અને તેની આજુબાજુનો વિસ્તાર.<br>**ડુમસ જળ વિતરણ મથક :-** સવારનો સપ્લાય:- ઓવરહેડ ટાંકી ESR-12 ના નેટવર્કનો અવધ કોપરસ્ટોન, અવધ કેરોલીના, વીકેન્ડ એડ્રેસ, મેરીઓન રેસીડેન્સી, અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ, અને તેની આજુબાજુનો વિસ્તાર.<br>**અલથાણ તથા ભીમરાડ જળવિતરણ મથક:-** બપોરનો સપ્લાય:- ટી.પી. ૪૩ (ભિમરાડ),ટી.પી. ૪૨ (ભિમરાડ-સુડા) અને ડ્રીમ સીટી ખજોદ, ભિમરાડ ગામ, સરસાણા ગામનો વિસ્તાર તેમજ ટી.પી.૩૬ (અલથાણ), ટી.પી. ૩૭ (અલથાણ દક્ષિણ) નો વિસ્તાર. |

જનસંપર્ક વિભાગ સુરતમહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં ૫૮૦, તા.૧૬/૦૨/૨૦૨૬